**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા

# ધો-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનું ફેસબુક એકાઉન્ટ હેક

## કોઇએ સ્ટેટસ બદલી નાંખ્યુ "ડીક્લેર્ડ જય પટેલ ઇઝ માય ફ્યુચર હસબન્ડ" : પોલીસ ફરિયાદ


ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં રહેતી અને ધોરણ-૧૨ માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીનાં ફેસબુક એકાઉન્ટનો પાસવર્ડ ચોરી લઇ કે એકાઉન્ટ હેક કરી લઇને કોઇ શખ્સે વિદ્યાર્થીની બદનામી થાય તેવુ સ્ટેટસ મુકી દેતા પોલીસ ફરિયાદ થવા પામી છે. કોઇ શખ્સે વિદ્યાર્થીનીનાં ફેસબુક એકાઉન્ટને ખોલીને સ્ટેટસ બદલી નાંખ્યુ કે "ડીક્લેર્ડ જય પટેલ ઇઝ માય બોય ફ્રેન્ડ એન્ડ હી ઇઝ માય ફ્યુચર હસબન્ડ". આ સ્ટેટસ પિતાનાં ધ્યાને આવતા દિકરીને પુછ્યુ અને જાણવા મળ્યુ કે તેણે તો ઘણા સમયથી ફેસબુક ઉપયોગ જ કર્યો નથી. ફેકીંગનો મામલો બહાર આવતા વિદ્યાર્થીનીના પિતાએ સે-૨૧ પોલીસ મથકમાં આઇ.ટી એક્ટ હેઠળ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરમાં રહેતી અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીનાં મામાનો ફોન કેનેડાથી તેના પિતા પર આવ્યો અને કહ્યું કે દિકરીએ ફેસબુકમાં શુ લખ્યુ છે? જોવો..!! ફેસબુકમાં સ્ટેટસ લખ્યુ હતુ કે "ડીક્લેર્ડ જય પટેલ ઇઝ માય બોય ફ્રેન્ડ એન્ડ હી ઇઝ માય ફ્યુચર હસબન્ડ " વિદ્યાર્થીનીનાં પિતા ચોંકી ગયા અને દિકરીને આ વાત અંગે પુછ્યુ ત્યારે ખબર પડી કે દિકરીએ તો ઘણા સમયથી તેનુ ફેસબુક જ વાપર્યુ નથી. તાત્કાલીક કેનેડામાં રહેતા તેના મામાએ ફેસબુકનું આ સ્ટેટસનો સ્ક્રીન શોટ પાડીને પાસવર્ડ લઇને આ સ્ટેટસ ડીલીટ કરી દીધુ હતુ. કોઇ શખ્સે પાસવર્ડ ચોરી લઇને કે ફેસબુક એકાઉન્ટ હેક કરી દઇને આ સ્ટેટસ મુકી દિકરીને બદનામ કરવાનુ કૃત્ય કરતા પિતાએ આજે સે-૨૧ પોલીસ મથકમાં આઇ.ટી એક્ટ ૫૬ સી, ડી અને આઇ.પી.સી.કલમ ૫૦૦ મુજબ ફરિયાદ આપતા સેકન્ડ પી.આઇ વી.એલ.ચાવડાએ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# આદિવાડા પ્રાથમિક શાળા થઈ પાણી પાણી...!!

## કોમ્પ્યુટર રૂમમાં પાણી ઘુસી ગયા : શાળા સંકુલમાં મીની તળાવ ભરાતા શાળા વહેલી છોડી દેવાની ફરજ પડી





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨૮માં આદિવાડા ખાતે સરકારી પ્રાથમિક શાળાના કંપાઉન્ડની વૉલમાં અજાણ્યા શખ્સોએ બાકોરું પાડી દેતા વરસાદી પાણીનો ભરાવો શાળા સંકુલમાં થવા પામ્યો હતો. ગઈ કાલે સાંજથી સવાર સુધી વરસેલા વરસાદના પગલે આ પાણીનો ભરાવો એટલો બધો થયો હતો કે શાળા કંપાઉન્ડથી માંડીને કોમ્પ્યુટર રૂમમાં પણ વરસાદી પાણી ઘુસી જવા પામ્યા હતા. આ પાણીના ભરાવાને કારણે શાળા પરીવારે ના છુટકે વિદ્યાર્થીઓને વહેલી રજા આપી દેવાની ફરજ પડી હતી.

શહેરમાં ગઈ કાલે સાંજે વરસાદી રમઝટ જામી હતી. જેના પગલે અનેક ઠેકાણે વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. શહેરના સેકટર-૨૮માં જીઆઈડીસી વિસ્તારમાં આવેલ આદિવાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં વરસાદી પાણીના ભરાવાને કારણે સમસ્યા સર્જાઈ હતી. શાળા સંકુલ ફરતે બનાવાયેલ કંપાઉન્ડ વૉલમાં અજાણ્ય શખ્સોએ રાત્રિના સમયે બાકોરા પાડી દેવાને પગલે સમગ્ર શાળા સંકુલમાં વરસાદી પાણીનો ભરાવો થવા પામ્યો હતો. આ વરસાદી પાણી શાળાના કોમ્પ્યુટર રૂમ તથા લૉબી વગેરેમાં ફરી વળ્યા હતા તથા શાળા કંમ્પાઉન્ડમાં તળાવ ભરાયું હોય તેવી સ્થિતિ સવારે સર્જાયેલી હતી. વિદ્યાર્થીઓને પોતાના કલાસરૂમ સુધી જવામાં પણ તકલીફ પડી હતી. ખાસ કરીને ધો-૧ થી ૩ના ભૂલકાંઓ માટે તો પરિસ્થિતિ સમસ્યારૂપ બનવા પામી હતી. આ પરિસ્થિતિમાં શાળાના નાના ભૂલકાંઓ કોઈ અકસ્માતનો ભોગ ના બને તથા મુશ્કેલીમાં ના મુકાય તે હેતુથી શાળાને વહેલી છોડી મુકવી પડી હતી. શાળાના કોમ્પ્યુટર રૂમમાં પણ વરસાદી પાણી ઘુસી જતા સાથે માટી અને ગંદકી પણ અંદર તણાઈ આવ્યા હતા. જેના પગલે વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો પેદા થવા પામ્યો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રિયંકા શિકારી**
શિક્ષક, પ્રેરણા વિદ્યાલય

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર સાથે રાષ્ટ્રપિતા ગાંધીજીનું નામ. વળી, આ નગરની સુંદરતા, સ્વચ્છતા, સભ્યતા અને સગવડોને કારણે આ શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા-સાંસ્કૃતિક અને સેવા પ્રવૃત્તિઓ ગમે છે.

જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ, આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ, આર્ષ વગેરે દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

નગરની નવી પેઢી એવા વિદ્યાર્થીઓમાં ઘણી ક્ષમતાઓ છે અને એમની દષ્ટિ પણ ઘણી ઉપયોગી છે. એમનો ઉપયોગ નગરને બહેતર બનાવવા માટે કરવામાં આવે તો નગરને એનો લાભ ચોક્કસ મળી શકે એમ છે.

**નગર માટે હું કરી શકું**

ગાંધીનગર એ માત્ર રાજ્યનું જ નહીં, પરંતુ દેશનું સર્વશ્રેષ્ઠ નગર બને એ માટે મારું સર્વ પ્રકારનું યોગદાન આપવા હું તૈયાર છું.

# સિવિલ હોસ્પિટલનાં પાર્કીંગમાંથી ચોરીના બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે પાર્કીંગમાં એક શકમંદ જણાતા સે-૭ પોલીસની ટીમે તેને પકડી પાડી પુછપરછ કરતા તેની પાસેથી મળેલુ બાઈક ચોરીનું હોવાનું ખુલ્યુ છે. આ શખ્સને પકડી તેની પાસેના બાઈક અંગે તપાસ કરતા આ બાઈક અમદાવાદનાં દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયુ હોવાનુ ખુલ્યુ છે. સે-૭ પોલીસ સ્ટેશનની ટીમે તેની ધરપકડ કરી લઇ દાણીલીમડા પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર સે-૭ પી.આઇ પી.બી. ચૌહાણની ટીમનાં પી.એસ.આઇ વી.આર.પ્રજાપતિ તથા સ્ટાફનાં માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સિવિલ હોસ્પિટલ ખાતે પાર્કીંગમાં એક શકમંદ જણાતા આ શંકાસ્પદ શખ્સને બાઈક સાથે પકડી પાડયો હતો. ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ગામના દશામાંના મંદિર નજીક રહેતા નિતેષ રામપ્રસાદ કોઈરીને પકડી પાડી તેની પુછપરછ કરી હતી. જીજે ૨૭ એફ ૦૬૩૩ નંબરનું બાઈક તેની પાસેથી મળી આવ્યુ હતુ તેની તપાસ કરતા આ બાઈક ચોરીનું હોવાનુ ખુલતા ચોરીનું બાઈક જપ્ત કરી લઈને ટીમે આ શખ્સની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી હતી. આ બાઈક અમદાવાદનાં દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયુ હોવાનુ ખુલ્યુ છે. સે-૭ પોલીસ સ્ટેશનની ટીમે તેની ધરપકડ કરી લઇ દાણીલીમડા પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

# વરસાદી સિઝનમાં મકાઈની લારીઓ પર ભીડ

ગાંધીનગર, તા.૧૫

અત્યારે હાલ ચોમાસાની સિઝન ચાલી રહી છે વરસાદી મોહાલ બરાબરનો જામ્યો છે. જેને પગલે શહેરના માર્ગો પર ઠેકઠેકાણે મકાઈ ડોડા અને મગફળીનું વેચાણ કરતા વેપારીઓ નજરે પડી રહ્યા છે. વરસાદી મૌસમમાં ભીંજાઈને ચટપટું ખાવાની ઈચ્છા ધરાવતા નાગરીકો લીંબુ, મસાલા નાંખેલી મકાઈ ખાવાનું વધુ પસંદ કરે છે. ત્યારે શેકેલી મકાઈ ડોડાના રૂ.૨૦, બાફેલી મકાઈના રૂ.૩૦ અને અમેરીકન બાફેલી બટરવાળી મકાઈના રૂ.૪૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જયારે મકાઈની સાથોસાથ મગફળીનું ઉત્પાદન નવું હોવાથી તાજી મગફળી માર્કેટમાં આવી ગઈ હોવાથી તે ખાવાની પણ અનેરી મજા હોય છે.જેથી શેકેલી મગફળી કિ. રૂ.૨૦૦ ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. ત્યારે શહેરના ચટુકડા નગરજનો વરસાદી મૌસમની સાથે મગફળી અને મકાઈ આરોગી મોજ માણી રહ્યા છે. ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર મગફળી અને મકાઈની લારીઓની હારમાળા સર્જાઈ છે.



વરસાદી મૌસમમાં સાવત્રિક ઠંડકનું મોજું ફરી વળયું છે. ત્યારે મૌસમના ભીંજારા વચ્ચે ચટપટી વાનગીઓનું બજાર પણ ગરમ છે. વરસાદી દિવસોમાં દાળવડા, ગોટા અને ભજીયા ઉપરાંત મસાલેદાર ચા ની ચુસકી માટે પણ નગરના ટી પોઈન્ટ ઉપર ભારે ભીડ જોવા મળે છે. બીજીતરફ અવનવુ અને ગરમાગરમ ખાવાના ચટકાને સંતોષવા મકાઈ ડોડાની લારીઓ પર ભીડ છવાયેલી રહે છે. સતત વરસાદી માહોલમાં ખાણીપીણી પ્રત્યે નાગરીકોએ વિશેષ સજાગ થવાની અનિવાર્યતા છે.ત્યારે નગરજનો આરોગ્યની દ્રષ્ટિએ નિર્દોષ ગણાતા મકાઈ અને મગફળીની મજા બિન્દાસ્ત રીતે માણે છે. ત્યારે શહેરના વિવિધ માર્ગો પર તેમજ અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર ધોળાકુવા સર્કલથી કોબા તરફ જતા માર્ગ પર ૩૦ થી વધુ લારીઓ પર મગફળી અને મકાઈના ડોડાનું વેચાણ થઈ રહ્યું છે. ત્યારે વરસાદી મૌસમમાં યુવાધન ભીંજાવાની મજા સાથે ચટપટી મસાલાવાળી મકાઈ આરોગતા નજરે પડે છે.

# લેહ-લદ્દાખની રોમાંચક રાઈડ માણનારા બાઈકર્સને બિરદાવાયા

## બાઈકર્સે વૃક્ષારોપણ કરી બાળકોને અનુભવો જણાવ્યા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના યુનાઈટેડ રાઈડર્સ કલબના જાંબાજ યુવા બાઈકર્સે તાજેતરમાં ગાંધીનગરથી લેહ-લદ્દાખની બાઈક રાઈડ પરિપૂર્ણ કરી છે. આ રાઈડ દરમિયાન તેમણે રસ્તામાં મળેલા દેશના તમામ વીર જવાનોને મ્હો મીઠું કરાવી દેશની સુરક્ષા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ પ્રકારના ઉમદા હેતુ સાથેની સાહસિક બાઈક રાઈડ કરવા બદલ ઉડાન ફાઉન્ડેશન દ્વારા આજે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.



યુનાઈટેડ રાઈડર્સ કલબની રોમાંચક રાઈડમાં શહેરના ૯ બાઈકર્સ જોડાયા હતા. આજે સવારે સે-૧૬ની સરકારી પ્રાથમિક શાળામાં ઉડાન ફાઉન્ડેશન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત શાળાના બાળકોને બાઈક રાઈડર્સોએ પોતાના રોમાંચક અનુભવો જણાવી બાળકોને સાહસિક વૃત્તિ ખિલવવા પ્રેરિત કર્યા હતા. આ સાથે બાઈકર્સ દ્વારા શાળા સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉડાન ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણાએ કાર્યક્રમના સફળ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.




વ્યવસાયિક સફળતા તથા જીવન સંઘર્ષ વિશે રોટરેકટ કલબ ઓફ ગાંધીનગર અને વીપીએમપી કોલેજ દ્વારા એક વ્યાખ્યાનનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા ઉદ્યોગપતિ શ્રી એન.પી. પટેલ, શ્રી એચ.એમ. પટેલ તથા શ્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા અને તેમના અનુભવો અને સંઘર્ષ વિશે ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રોટરેકટ કલબના પ્રમુખ શ્રી પ્રણવ શુકલએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કોલેજના આચાર્ય પ્રો. આનંદ પટેલ અને રોટરી કલબના પ્રમુખ શ્રી દિપક બારોટે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. રોટરેકટ કલબના પ્રથમ પટેલ, મૈત્રી જૈન, ક્રિષ્ના પટેલ, નિશાંત ધ્રુવ વગેરેએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં લીલાછમ વનના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે વેણીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● હેપ્પી હોમ કલ્ચરલ કાર્યક્રમ ગેમ ઝોનનું આયોજન સે-૧૨-બી, બલરામ ભવન, ઉમિયા માતાજી મંદિર પાસે સાંજે ૫થી ૭ કલાક દરમિયાન કરવામાં આવ્યુંછે.

● દાદા ભગવાન પરિવાર ગાંધીનગર દ્વારા સાપ્તાહિક સત્સંગનું આયોજન પ્લોટ નં. ૬૦૮/૧, સે-૧સી ખાતે સાંજે ૪ થી ૬ કલાકે રાખવામાં આવેલ છે.

● બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજની બીજી વાર્ષિક સામાન્ય સભા સવારે ૯.૩૦ કલાકે આંબેડકર ભવન સે-૧૨ ખાતે મળશે.

● કડવા પાટીદાર સમાજ ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ઉમિયા કેરિયર ડેવલપમેન્ટ કાઉન્સીલ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ અને માર્ગદર્શન બપોરે ૧.૩૦ કલાકે ઉમા સમાજ ભવન સે-૧૨ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના જિલ્લા કલેકટર દ્વારા આગામી ચાર પાંચ દિવસમાં સમગ્ર જિલ્લામાં ભારે વરસાદની શકયતા હોવાને પગલે નાગરિકોને એલર્ટ રહેવા જણાવાયું છે. આ સાથે કોઈ દુર્ઘટના કે પાણીમાં ફસાઈ જવાની પરિસ્થિતિ સર્જાય તો જિલ્લા કંટ્રોલ રૂમના નંબર ૦૭૯-૨૩૨૫૬૭૨૦ અથવા ટોલ ફ્રી નંબર ૧૦૭૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

● શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો પર અનેક વૃક્ષોની ડાળીઓ જોખમી રીતે નમેલી છે. જેના પગલે વરસાદના માહોલમાં વૃક્ષ પડી જવાની ઘટના ના સર્જાય તે હેતુથી જાગૃત નાગરિકો દ્વારા અગમચેતીના ભાગરૂપે આ ડાળીઓનું જાતે ટ્રિમીંગ કરવામાં આવી રહ્યું છે.

# સહયોગ મંડળે ગુરૂ પૂર્ણિમાના દિવસે ૨૫ બોટલ લોહી પુરું પાડયું

ગાંધીનગર, તા.૧૫

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા ગુરૂ પૂર્ણિમાના પાવન દિવસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રકત ના હોવાથી તાત્કાલિક રકત સહયોગ મંડળ દ્વારા ૨૫ બોટલ લોહી પુરું પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગુરૂ પૂર્ણિમાના દિવસે દર્દીઓને ચડાવવા માટે લોહી ન હતું ત્યારે આર્ટ ઓફ લીવીંગના પ્રમુખ જયેન્દ્રભાઈ શાહ દ્વારા રકત એકત્ર કરવા માટે સહયોગ મંડળ ગાંધીનગરના સહમંત્રી ડી.એમ. પરમાર, એમ.આર. ચૌધરી, સુકેતુ મહેતા, રોહીતભાઈએ તાત્કાલિક રકત દાતાઓને બોલાવી ૨૫ બોટલ રકત એકત્ર કર્યું હતું અને જરૂરિયાતમંદોને લોહી પુરું પાડવામાં આવ્યું હતું તેમ સહમંત્રી ડી.એમ. પરમારે જણાવ્યું હતું.

# પ્રિમોન્સુન કામગીરીના અભાવે ગાંધીનગર પાણીમાં તરબોળ

## એક કલાક વધુ વરસાદ પડયો હોત તો શહેર બેટ બની જાત, ધોધમાર વરસાદે તંત્રની પોલ ખોલી, ગટરોની સાફસફાઈ અનિવાર્ય અન્યથા હોનારત સર્જાશે તેવી શહેરમાં દહેશત

ગાંધીનગર, તા.૧૫

મેઘરાજાએ પોતાનો અસલી મિજાજ શુક્રવારે ગાંધીનગરને બતાવ્યો હતો. એકધારા જોરદાર વરસાદની કલાક ઉપરાંતની ઈનિંગ્સથી ગાંધીનગર શહેર પાણી પાણી થઈ ગયું હતું. શહેરના દરેક સર્કલો સહિત નીચાણવાળા વિસ્તારમાં અડધો ફુટ થી વધારે પાણી ભરાઈ ગયા હતા. જો કે તંત્રએ પ્રિમોન્સુન કામગીરી ન કરી હોવાના દાવા શહેરીજનો કરી રહ્યા છે. જે શહેરમાં ભરાયેલા પાણી તેના પુરાવા બન્યા છે. આજ પ્રકારનો વરસાદ એક કલાક લંબાયો હોત તો આખું શહેર બેટમાં પરીવર્તીત થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. વરસાદના રૂદ્ર સ્વરૂપને નિહાળીને ગટરોની સાફ



સફાઈ અનિવાર્ય હોવાનું લોકો જણાવી રહ્યા છે. અન્યથા હોનારત સર્જાવાની શહેરમાં દહેશત ઉભી થઈ છે.

શહેરને મુશળધાર વરસાદે ધમરોળી નાખ્યું હતું. શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણીનો ભરાવો થઈ જતાં વાહનચાલકો સહિત શહેરીજનો તોબા પોકારી ઉઠયા હતા. વરસાદની ભારે ઈનિંગ્સને નજરે નિહાળી શહેરીજનોમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં સેકટરના મેદાનો તેમજ રસ્તાઓમાં પાણી ભરાઈ જતાં બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. આ તમામ પરિસ્થિતિ માટે પાણીના નિકાલની વ્યવસ્થા યોગ્ય ન હોવાનો બળાપો નગરજનો એ વ્યકત કર્યો હતો. તો બીજી તરફ ચોમાસા પહેલા શહેરની તમામ ગટરલાઈનોને સાફ કરવી જોઈએ તે ન કરી હોવાનું પણ બહાર આવ્યું છે. જેમાં કેટલાક ઘરોમાં ગટરના પાણી બેક માર્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

શુક્રવારની સમી સાંજે તુટી પડેલા વરસાદનો મિજાજ જો એક કલાક વધુ લંબાયો હોત તો ગાંધીનગર શહેર બેટમાં પરિવર્તિત થઈ જવાની શકયતાઓ પણ દેખાઈ હતી. ધમાકેદાર વરસાદે તંત્રની પોલ ખોલી નાખી હતી જો કે આ વિપરિત પરિસ્થિતિમાં હેરાનગતિ શહેરીજનો જ ભોગવી રહ્યા છે. તંત્રના હોદ્દેદારો સિઝન પ્રમાણેના કામની સમીક્ષા જ ન કરતા હોવાથી આવી સ્થિતિ સર્જાતી હોવાની ચર્ચાઓ ઠેર ઠેર થઈ રહી છે. દરમિયાન હજુ પણ ગટરોની સાફ સફાઈ નહીં કરવામાં આવે તો વરસાદી પાણી થકી મોટી હોનારત સર્જાશે તેવી દહેશત શહેરમાં ફરી વળી છે.

## ચિરવિદાય

● સ્વ. વિનોદભાઈ દશરથભાઈ દંતાણી, ઉ.વ. ૩૫